॥ ॐ ॥

श्री तत्सत परमात्माने नमः

ભદ્રકાળી

યાને

પાવાગઢનો પ્રલય,

નાટકનાં ગાયનો.

લેખક

જયકૃષ્ણદાશ ત્રીભોવનદાશ સુરત.

પ્રકાશક

ખત્રી મુલચંદદાશ નગીનદાશ સુરત.

અમદાવાદ.

ધી "યુનિયન" પ્રીન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં

મોતીલાલ શામળદાસે છાપ્યું.

આવૃતિ ૧ લી. પ્રત ૨૦૦૦.

સં. ૧૯૬૯. સને ૧૯૧૩.

કીમ્મત ૦-૨-૦.

ચેતવણી.

આ પુસ્તકના સર્વે હક્ક કર્ત્તાએ પોતાને સ્વાધીન રાખ્યા છે માટે કર્ત્તાની રજા સીવાય છાપવું, છપાવવું અગર ભજવવું નહી અને તે છતાં આ સુચનાનો ભંગ કરશે તેના શીર કોપીરાઈટ ભંગની સર્વ જોખમદારી છે.

લી. કર્તા.

આ ગ્રંથની રસીકતા જાળવવા માટે કેટલાક સુપ્રસિદ્ધ કાવ્યો અંદર દાખલ કર્યાં છે. માટે તે કાવ્યોના કર્ત્તાનો હું આ સ્થળે આભારી છું.

લી. સજ્જનોનો દાસ.
કર્તા.



ભદ્રકાળી નાટકનાં ગાયનો.

પ્રારંભ.
પ્રાર્થના.

સુત્રધાર— ગાયન ૧ લું.

ૐ મંગળેશ્વર પ્રભુ સમરૂં, વિઘ્ન હર કરૂણા કર હે કરૂણાસિંધુ;
ત્રીભુવન તારક તું ત્રાતા, શિવ સનકાદીક ગુણ તવ ગાતાં.
પ્રેમી ભક્ત હૃદયમોદ ભરતા, દીનેશ્વર દીનબંધુ;.......... ઓં.
આશા એક અમોને તારી, ઘટ ઘટ વ્યાપક શ્રી ગીરધારી.
પુરો પ્રભુ આશા અમારી, નાથ નિરંજન તવ પદ વંદુ;... ઓં.
ચરણરજ મસ્તક ધારી, સ્નેહે સ્મરીએ વિશ્વ વિહારી.
બહુ બળધારી, બિહારી, જાવું વારી વારી બલીહારી;
તવ નામની ધુન પ્રસારી, પલ પલ ધ્યાન હૃદયમાં ધરૂં.... ઓં.

બાળાઓ— ગાયન ૨ જું.

શિયળની વિમળ ગતિ, જગે જાણે......સતી......
પુજે પ્રેમ ભાવે પ્રતિ, પતિ ચરણ ધારી મતિ;

ધરી મન ઉત્તમ મતી, પુજ્યમાન તે ગુણવતી.
જય જય તે દેવી ભાગ્ય......વતી......

સાખી

જગજ્યોતી વ્યાપક અતી, સીયળતણી મુલ્યવાન:
સજો સદ્ભાવે સુંદરી, પ્રાતીવ્રત ગુણવાન.
દેવીસમ પામી ગતિ, સીતા દમયંતી સાર;
પ્રાતી વ્રત પ્રભાવથી, થયા વૈકુંઠાધીશ કુમાર.
દ્રૌપદી શુભ સાવિંત્રી સતી, પુજ્યતી સ્નેહની જપતી;
થઇ જગમાંહે છતી, પામી અચળ ગતિ.
પામો આર્ય બાળાઓ, એવી ઉત્તમ મતી.

ગાયન ૩ જું.

માલ્લિકા દેવી તથા સખીઓ—

માનુની મંગળકારીરે, ભદ્રેશ્વરીનું પ્રેમે પુંજન કરીએ;
કુંમ કુંમ ચંદન અગર સુગંધી, પુષ્પમાળ સ્નેહે માને કંઠે ધરીએ.
નવરાત્રી વ્રત ઉત્તમ, આ જગજનનીનું;
અખંડ સૌભાગ્ય, અર્પે માનુનીનું.
ચહી એવું ચિત્તે શાણી, દરશન યજન કરીએ,
મહામાયા અતિ સુખકારીરે, ત્રાપ ત્રીવિધતણાં હરનારીરે.
ભાવે ભજીએ શ્રી ત્રીપુરારીરે,
સદા સર્વદા સ્મરણ સ્નેહે માનુ કરીએ.........

ગાયન ૪ થું.

ભદ્રકાળી તથા માલ્લિકાદેવી વીગેરે—

(પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે) એ રાગ.
સહિયર, સંગમાં મળીને આનંદથીરે,

ગાઓ ભદ્રકાળીના જીભે યશ ગુણગાન;
નારી ધર્મને પાળી, સદૈવ સ્નેહથીરે. સહીયર૦
સુંદરી સાચું માનજો, સ્વામનો શ્રૃંગાર,
સ્વામી કેવળ સૃષ્ટીમાં. જીવનનો આધાર.
એથી સુખમય સંસાર સાર વિચારજોરે,
નહિ તો દુઃખ વિકાર અપાર સમજીદાર;
પતિના પ્રેમને મનથી, કદા ન વિસારજોરે. સહીયર૦
પતીની જો મનકામના, સફળ કામીની નામ;
સુંદદતા જો શીલની, તો સુંદરી સધામ.
રમતી રમતિમાં રામા તે રમણી ગણીરે,
કરતી સહાયતા રહી વામ ભાગમાં સામા;
તેથી વામા તેને સજ્જન કહેતા ભણીરે. સહીયર૦
નારીના જે નાંમ તે, સાર્થક તો સહુ થાય;
જો તેના ધર્મો બધા, નિષ્ટા થકી પળાય.
માટે પાળજો એ સઘળા ધર્મ ભાવથી રે,
એથી ભુવમાં થાશો, કૃતાર્થ ભગિની નિત્ય;
નમશે જનતા પદમાં આવી પુણ્યે પ્રભાવથીરે. સહીયર૦
સદગુણની સાડી ધરો, શીલ કંચુકી સાર,
પ્રાતી વ્રત્ય પ્રભાવ મય, ભાલ તિલક વિસ્તાર:
પ્હેરે પ્રેમે કંઠે પ્રેમા મુક્તાહારનેરે,
કરમાં કુલીનતાનાં કંકણુ ધારો વાહ;
વાહરે ધન્ય છે તો, અબળાના અવતારને. સહીયર૦
કરાંગુલીમાં મુદ્રીકા, જેની ઉત્તમ શાંતિ,
નિતિના નૂપુર વડે, વધી ચરણુની કાંતિ.

એવા અલંકાર જો ઉત્તમ યુવતી દેહ માંહી,
તો છે કૃત્રીમ બીજા આભૂષણ સહુ વ્યર્થ;
માટે ધારો એ ભૂષણને ચાહી ચિત્ત માંહી. સહીયર૦
સ્વામી ભક્તિ સાથે વળી, ઇશ્વર ભક્તિ નિવાસ;
જો ચપળાના ચિત્તમાં, સુવર્ણ સંગ સુવાસ.
કરજો વિનતી નિરંતર એજ ઇશ્વરને ભજીને,
રક્ષે સદૈવ તે, સોભાગ્ય હેતુ જે કાંત;
થઇને શાંત આશા, વિશ્વની બીજી ત્યજીરે. સહીયર૦

નગ્રજન— ગાયન ૫ મું.

(રાગ શિખરિણી.)

નમામી હે માતું, પરમ સુખ દો કારીણી;
દયાળી કૃપાળી, અડગશુ સસ્ત્રો ધારીણી.
મહાદેવી કાળી, ખળ દળ તું વિદારીણી;
ત્રીપુરારી તું તો, અધમજન ઓદ્ધારીણી.

જયસિંહ— ગાયન ૬ ઠું.

ચીતડું ચોરી ચાલી, લલીત લલના લટકાળી;
મનહર મોહીની પ્યારી, એ..... ...ભદ્રકાળી......
મારી નયનતણી કટારી, કાળજડું મમ સંહારી;
અલબેલી કામણગારી, ગઇરે ચાલી........લલિત.
લટકે લલીતા લલચાવે, નયનો નવિન નખરે નચાવે;
લહેરી મદનની વિકશાવે, વિંહ વ્યાકુળતા અંતર વધારી...ગઇરે.
મધુર ઇદન મંદ મલકાવે, ચુંમ્બન કાજ અધર તલસાવે,
પ્રણ્ય દીપક પ્રમદા પ્રગટાવે, ઉર્મી આનંદની ઉછાળી...ગઇરે.

વેગે જઇ ભેટું ભાવે, અબળા ઉછરંગ મુજ દીપાવે,
ચંદ્ર કુમદ ઉભય દર્શાવે, બને સારસ જોડી સુખાળી...ગઇરે.

મલ્લિકાદેવી— ગાયન ૭ મું.

'સતિ નારીનો સંગાર, કેવળ સૃષ્ટિમાં ભર્તાર;
'ધરો હૃદયે રત્નહાર, દીપે એથી ઉજળો સંસાર. સતિ.
'દુઃખદધી ભર્યો સંસાર, પતિ નૌકા ઉતારે પાર;
'પ્રેમે પુંજી લ્યો કીરતાર, સુંદરી સફળ થશે અવતાર સતિ.
'સજો સ્નેહે આર્ય બાળ, કંઠે મોહન મુક્તામાળ;
'વધાવો વાલમ ધરીને વહાલ, પ્હેરાવે પ્રેમ પુષ્પમાળ.
સતી નારીનો સંગાર.

મલ્લિકાદેવી— ગાયન ૮ મું.

વિષય વૃતી મમનાથ તજીને, શુભ ચિંતન ચિત કરતા રહો;
મદન વિકારને નષ્ટ કરીને, માનુની મોહ વિસારી દ્યો.
અદૃમ કૃતી આ અંતર સમજી, બગડી બાજી સુધારી લ્યો;
ભિષ્મ ભય જગપતિનો ધારી, ભક્તિ ભૂધરની સ્વીકારી લ્યો.
વિષ હળાહળ પ્યાલો ત્યાગી વ્હાલા, પિયૂષ કંઠે ઉતારી દ્યો. (વીષ વૃતી)

ગાયન ૯ મું.

જયસિંહ તથા મલ્લિકાદેવી—

દુર દુર જા ઠગારી નીચ નારી વાણી તારી બંધકર,
'હવે ન વધુ ઉચર, 'બનશો ખરેખર ખર.
'માનુની એ મનહર, 'પ્રેમદા છે પ્રાણહર.
રમા રૂપાળી કામણગારી, સુંદરી શ્રૃંગારસર,
'શું વદો છો નાથ આપ, 'હાય વળગ્યું કયાંથી પાપ. ૩
'નથી ઘટિત આપ કામ, 'બસ સુપકર ગુલામ. ૪

છોડ લવારી કુટીલ નારી, અહીંથી ત્હારૂં કાળુ કર,
'અધમ મતિ આ સાથી થઇ, 'જા હવે તું ચુપ રહી. ૫
'થાવી છે ભાગ્ય રતિ બુરી, 'થાશે તારી નિશ્ચય ભુંડી. ૬
વિષમ વાણીઓ અભિમાની હવે ના તું ઉચ્ચર,
'આપ બુદ્ધી ક્યાં ખશી, મનમોહિની એ ઉર્વશી. ૭
'પસ્તાશોં નાથ ધસી, 'ગઇ છે તવ મતિ ધશી. ૮
અવિચારી અધમનારી, વેગે અહીંથી તું વિચાર.

મલ્લિકાદેવી— ગાયન ૧૦ મું.

પ્રીતમજીરે પીતડી ના કરશો પરનારીની,
વહાલમજીરે...........પીતડી ના......
'સીતા કારણ શાણા, રાવણ રોળાયો;
'દ્રોપદી કાજે, દુરમતિ દુર્યોધન કીચક પૂર્ણ દબાણો.
વામા છે વિષ ઝારીની........પ્રીતમજી રે......
અનેક છત્રપતી છલકાણા, પરનારીમાં લલચાઇ,
ગવિષ્ટના ગર્વ ગળ્યા, માયા મોહમાં ગયા ધુંદાઇ;
જાણો પ્રેમદા પ્રાણ હારીણી....પ્રીતમજી રે......
ગૌતમ નારી કારણ, ઇંદ્ર લલચાણો;
આખરે પાપી પુરો પસ્તાણો,
ઉત્તમ મતિ છે સતિ નારીની....પ્રીતમજી રે......

જયસિંહ— ગાયન ૧૧ મું.

ધન્ય ધન્ય શાણી શુજાણ, વાણી તાહારી મધુરી સદ્‌બુદ્ધી ભરી.
તું સાચી સતી ખરી.
નાથ નેહ વરસાવી વારી, હવે હદ કરી, તું સાચી સતી ખરી;

આપ ચરણુની દાસી કીંકરી છે પ્રીતિની પ્યાસી.
વાહ સુંદરી સુખરાસો ટળી મારી ઉદાશી, તું માગદક્ષ ખરી. તું સા૦

અલકનંદા— ગાયન ૧૨ મું.

હું પ્રેમની જોગણુ, પિયૂને શોધવા ચાલી;
શોધવા ચાલી, પિયૂંને શોધવા ચાલી.
પરમેશની ભોગણુ બની, પ્રાણેશની જોગણુ;
પિયૂને શોધવા ચાલી..............પિયૂને.
પ્રેમની કફની ધરીને પ્રેમની ઝોળી,
અંગે વિભુતી પ્રેમની બસ પ્રેમથી ચોળીઃ
પિયુને શોધવા ચાલી..............પિયુને.
કરી શાધના શ્રૃંગારની હું સ્યામમય થાતી,
કર મધ્યમાં માળા લઇ, મંત્રો શ્યામના ગાતી;

અલકનંદા— ગાયન ૧૩ મું.

પ્રીતિની પીરશી થાળી, વાટડી રહી રે ન્યાળી,
'વાલમ મંદીરે પધારો.........
પ્રેમના પીરશું પકવાન, પ્રેમનું પાઉં પાણી...
'પ્રીતીના ધરાવું તંબોળ ઉચારૂ પ્રેમની પાણી.
વાટડી રહીરે નયાળી, વાલમ મંદીરે પધારો.
સિંહાસન સુંદર સજાવું, મોહન મૂર્તિ ત્યાં પધરાવું.
પ્રેમે ચરણું પ્રભુના દબાવું.........
પ્રેમના કીર્તન ગાઇ, વાટડી રહીરે ન્યાળી...

ગાયન ૧૪ મું.

વિનયકાંત તથા અલકનંદા—

છે, પ્રેમ તણી બલીહારી, ભરી પ્રેમમય દુનીયા સારી,
અકળ સકળ જગત છવાયું, પ્રેમ ભર્યું વાયુ સ્નાયું;
પ્રણ્ય પંથના સકાય વિસ્તારો......છે પ્રેમ તણી બલીહારી.

દરબારી— ### ગાયન ૧૫ મું.

(મુંગો નાચ.)

જુગ જુગ જીવો ભૂપતી હમારા,
સીંચો સદા સર્વદા શાંતિ ધારા પ્રભુ પ્યારા;
અખંડ કીર્તી જગમાં જામો પામો જય જયકાર; જુગ જુગ જીવો

ગાયન ૧૬ મું.

જયસિંહ અને ભદ્રકાળી—

જો ઇચ્છા હોય તુંજ ભ્રાત જીવનની, તો કર મારાં સ્વીકાર. સુંદરી કર.
અરે નૃપતી આપ આ શું કરો છો, અનુચીત વાક્ય ઉચ્ચાર. સુંદરી કર.
માન સત્ય વચન નિરધાર, એ વીણુ કદી નથી બચનાર,
જગતમાં ભૂપતિ ગણાતાં, ધર્મ તણા અવતાર,
હોય તે સત્ય તેજ ભંડાર, કરે ના કદી કુદષ્ટી લગાર,
માટે મહિપતી કરો વિચાર, અરે નૃપતિ આપ આ શું કરો છો,
માન મુજ વચન પ્રમાણ, છે નીચ વૃતી નાદાન. સુંદરી.
ધરે શું ગોરી બહુ ગુમાન, છે તવ જીવતરને ધીક્કાર,
શાંત કરો કામ રસીલી દીલદાર. સુંદરી.

અલકનંદા— ### ગાયન ૧૭ મું.

જીવન વિના જીવી શું કરવું, શું સુખ સંસારનું ધરવું;
વૈધવ્યપણું લઈ ફરવું, એથી ઉચીત છે મરવું.

સતિ નારીનું જીવન સાચું, પતી ચરણે લ્યો ધારી;
પ્રાણપતિ દીપક અંતરનો, બુઝાતા સર્વે સુન્યકારી.
ઉત્તમ મતિ અબળા ઇચ્છે સ્વામી સંગે મરવું;
સકળ જગતની શીતળ છાયા, સમાતી સ્વામી સ્મરણમાં;
સમ ભાગિની ગણાતી સુંદરી, સુખ દુઃખો ને મરણમાં;
સમજી નીજ ધર્મ મારે બરવું; મરવું,   જીવન વિના.

ગાયન ૧૮ મું.

વિનયકાંત અને અલકનંદા—

અશરણ શરણ, તું હે નાથ મુરારી,
લ્યો દીનજનની અરજ સ્વીકારી.   અશરણ.
વિપત વેળાના સાથી, શુદ્ધ લ્યો હમારી,
પડયા અનાથ નાથ ધરી આશા તારી;
કરો કૃપા હે કુંજવિહારી.   અશરણ.
અંત સમયે શ્રી હરી આવો, વેગે બળધારી,
પાપમય સંસાર તજાવી, લ્યો રોહે તારી;
જય જય જય વિભુવર જયકારી   અશરણ.

ભદ્રકાળી—   ગાયન ૧૯ મું.

સુણ મૂઢમતિ ભૂપાળ ઓ પાવાગઢ પતિ,
નીચ તાતજીના નફ્ટ અધમ દહન કર્યાં તેં દંપતી;
જીવન હર્યાં તેં નિર્દોષનાં અહી અહન રાક્ષસ મતી,
વિનાશ કાળે સુઝી ખરે, નાદાન તુંને વિપરીત મતી.
સત્યવંતને શ્રીપતિ સદા સત્યતાથી તારશે,
ભૂભક્ષક ભૂપતીઓ ખરેખર જખ મારશો;

દેખો દંપતી દાઝતાં, રહૃદય માહે તો બળે,
આપું અંતર તણાં, તુંને શ્રાપો અતિ આ પળે.
અવિચાળી કામાંધ મહીપતી, હવે વેગે સંભાળતું,
જોશે થોડા સમયમાં, પાવાગઢ તણો પ્રલયકાળ તું:
રંક જનને રઝાડતાં, પામીશ, નહિ કાંઇ સાર તું,
યવન ધર્મ સ્વીકારતાં, તુજ જાતી જનને ભાળતું.

(પહેલો અંક સમાપ્ત.)

અંક બીજો.

ગાયન ૨૦ મું.

વિનયકાંત અલકનંદને—

તારક તુ હમારો વિશ્વાધાર,
અલખ, અજર, અમર એક અવિનાશી;
સંકટ હરણ શ્યામ, સલુણા જગજીવન જયકાર...તારક.
પ્રલ્હાદ, દ્રોપદી, ધ્રુવ, અંબરીષના સાહય પાંડુ કુમાર;
કૃષ્ણ મોરાર...... તારક તુ હમારો.
સંકટ મોચન, ભવભાય વિમોચન,
ત્રીલોક્ય ચંદ કેશવ કરૂણાધાર...... તારક તું.

જયસિંહ— **ગાયન ૨૧ મુ.**

માનુની મદન અગન તનમન લાગી રહી,
લલીત લલના બુઝાવી દે......માનુની૦
રસીલી રસ આલીંગન દે, અલબેલી અધર સુધારસ લે,
મદન બાગમાં ખીલી કુસુમ કળી ચતુરા ચુંટવા દે;
રસીલી રસમાં રમાડી લે,
સુંદર રસ સુગંધી લે, સ્નેહે રતી નાથ રીઝાવી લે,
પ્રીતીનો ગ્રંથ ગોરી ગુંથી લે......માંનુની૦

રમણચંદ્ર— **ગાયન ૨૨ મું.**

શમશેર ધરૂં, બસ ઠાર કરૂં, શત્રુનો સંહાર કરૂં,
નાદાન નૃપતી ગુમાન હરૂં, પાપીને પળમાં પાર કરૂં, બસ ઠાર કરૂં.
ઓ કામાંધ કુમતી ચંડાળ આણ્યું તારો કાળ,
ઉઠે અંગોઅંગે ઝવાળ, કરૂં સર્વ પ્રલયકાળ,
ચેત ચેત ભોરીંગ ભૂપાળ, તવ શોણીત પાન કરૂં. સમશેર.

ભદ્રકાળી— **ગાયન ૨૩ મું. સગીત.**

અમર કરી લેને માનવ દેહ ધરી,
પ્રેમથી કરી હરીરસ ભરી, અમર કરી;
નાહક આતક અણમોલી જાશે,
સમજ તું જરી સમજ તું જરી અમર.

(હરિગિત.)

કાચા સુતરને તાંતણે જો બાંધી આ જિન્દગાની છે,
દરિયા તણાં મોજાં સમી તું, જૂઠી જાણ જવાની છે;
અણધારિ ઓ અજ્ઞાન, જો આ આંખ બંધ થવાની છે,

અંતર તણી સહુ આશ અંતરમાં શમાઇ જવાની છે;
માટે ભજ હરી હરી, ભજ હરી, હરી ભજ હરી,
અમર કરી લેને.

ગાયન ૨૪ મું.

ભદ્રકાળી વિનયકાંત રમણચંદ્ર અને અલકનંદા--

આહા આ શો અણચિંતવ્યો યોગ થયો સ્નેહી જનનો સંયોગ;
હૃદય ઐકય મલ્યા વિજોગ દુઃખ દૂર ટળ્યા,
ભોગવીએ ઉત્તમ અનુપમઃ ઉપભોગ.........આહા૦

ગાયન ૨૫ મું.

ભદ્રકાળી અને રમણચંદ્ર--

આઘા રહેજો જી, આઘા રહેજો;
મુજને ના અડશો, વહાલા મુજને ના અડશો,
પ્રિયા શું પ્રેમીને પરહરશો... આઘા રહેજો જી.
આવો એકાંતે અલબેલી, રમીએ રસ રંગે રસવેલી;
કરીએ આનંદ અકેલી, મદન અગન માન ખંડન કરશો.
આઘા રહેજો જી.
શાણા વાણી,વિવેકે ઉચરીએ,શાસ્ત્ર નીષેધ કાર્ય કેમ આચરીએ
પ્રથમ લગ્ન બંધન પુર્ણ કરીએ, પ્રાણ પ્રીય પ્રેમ, અમૃત
ભાવે ભરશું. આઘા રહેજો જી.

ગાયન ૨૬ મું.

વિનયકાંત--

વાંચજો વીર પત્ર વિચારી, ગઇ એની તમારી જાણજો,
આણું દુઃખ અંતર ના આણજો; ગઇ એની તે નીત મારી જાણજો.
ભાઇ એની તમારી જાણજો, ભાગ્યમાં હશે તો મળશું.
વિયોગ દુઃખથી દૂર ટળશું;
શોધના કરશો ભાઇ મારી, ગઇ એની તમારી જાણજો.

વિનયકાંત-- **ગાયન ૨૭ મું. ગઝલ.**

અહો હો ભ્રાત મારારે, વિસારૂં સ્નેહ તારાને;
જાવું તજી તુંને પ્યારારે, થાવું આધીન ભાગ્ય મારાને,
કથુ શા ગુણ તારાને, વિસારૂ સ્નેહ તાહારાને,
ગણ્યા તે નહિ ગણાતાં, ભણ્યાં મુખથી ના ભણાતાં,
અગણીત ઉપકાર તારા જે, વિસારૂં સ્નેહ તારાને.
સાથે જમ્યાં સાથે રમ્યાં, સાથે હર્યા સાથે ફર્યા,
રમતાં માત ઉછરંગે, કરતાં આનંદ સંગે;
કર્યા અનેક અહીત તારામે, વિસારૂ સ્નેહ તાહરાને,
જાવું વિખુટી તુંથી થઇ, વિચરવું રતિ લઇ જાએ જહિં.
જતાંને જાવા દીજે, વિઘ્ન ન તેને કીજે,
આપું આશીશ અંતરની ભકતી કરજો હરીહરની;
ભોગવજો ભોગ સારારે, વિસારૂં સ્નેહ તારાને.

ગાયન ૨૮ મું.

મહુમદશાહનું લશ્કર—

(રાગ લશ્કરી પલટનનો.)

યારો બકારો ફુટકારો, સહેતાનકુ આવાર,
જંગીઓ જંગ મચાવો, શૂર બતાવો,
કાફીરોકું સતાવો આણુ અપની બરતાવો;
કરકે અલ્લાહી, લિલ્લા, રહેમાન યારો......
કતલ કરો, કતલ કરો, કતલ કરો, શૂરા સરદારો શુર ધરો. ૩
ઉડાવો, શીશ કટ, કટ, કટ કરકે......

બીજો અંક સમાપ્ત.

અંક ત્રીજો.

—•○•—

ગાયન ૨૯ મું.

ભદ્રસિંહનું લશ્કર—

જંગીઓ રંગી ઉમંગી થઇ, સત્વર ચાલો,
લઇ શમશેર, બરછી, તીર, ભાલો,
યવન સૈન્યા કાપી કુપી છીન્ન ભીન્ન કરો,
પાપીને પાર કરો, સંહાર કરો, ના વાર કરો,
હાથોમાં જય વિજયી ઢાલ ધરો,
રંગ કરો (૪)
જયનાદ ગગન ગજાવો, વિજય વિર વરતાવો,
શત્રુનો સંહાર કરો, જંગીઓ........

ભદ્રસીંહ— **ગાયન ૩૦ મું.**

કેશરીયા, કેશરીયા, કેશરીયા, રંગ કરો, બસ જંગ કરો,
શુરવીરો શુર ધરો, શત્રુનો સંહાર કરો,
યવન સૈન્ય ઉડાવી ઘો, વિજય ધ્વજ ફરકાવી લ્યો,
હર હર શંભુ વિજય કરો, વિજય કરો, વિજય કરો,
ધરો અશીકશી હાથ, ભીડો શત્રુ સંગે બાથ,
કરવો રીપુ શોણીત પાન, ઉતારો ગર્વિષ્ટનું ગુમાન,
બસ હર હર શંભુ વિજય કરો, વિજય કરો, વિજય કરો,

મલ્લિકાદેવી— **ગાયન ૩૧ મું.**

મંગળકારી ઉગ્યો દીન આજનો,
આવ્યો અવશર રૂડો અતિ ઘણો મંગળકારી,

સાખી.

શિયળવ્રત ઉત્તમ પાળવા, અર્પીએ પ્રાણ દાન:
સાચી સુંદરી સતિ જે હશે, તે અર્પશે નીજ પ્રાણ.
અવસર અમુલ્ય આવીઓ, ધરવા નિજવ્રત અભિમાન,
ગજાવી કીર્તી દેશમાં, પામીએ અક્ષય સુખધામ;
સમજી અધિકાર નિજ ધર્મતણો. મંગળકારી.

ભદ્રકાળી— **ગાયન ૩૨ મું.**

(સંગીત અથવા ભજન.)

કોણ માનવંની પાપ બુદ્ધી પલટાવે ?
હીત સમજાવે, દર્શાવે એ...... .... કોણ.
શુદ્ધિ બુદ્ધિ ઉડી જતી, નિતિનો સંહાર,
ધર્મ કર્મ લોપાય છે, થતા સ્વાર્થ વિસ્તાર,
અંતે એથી હાની થતી, નરની ગતિ, નીચી અતી,
ને ઉન્નતી, નાશી જતી, પણ પાતક લોભાવે. કોણ.
સારાસાર વિચારનો, થાતો છેક વિનાશ,
મહત્વ આકાંક્ષા મહા, પામતી પૂર્ણ પ્રકાશ;
અન્યાયો બહુ એથી થતાં ભવમાં છતાં દુઃખ પામતાં,
સુખ વામતા, નથી માનતા, જન પાપ નહિ ફાવે. કોણ.

જયસિંહ— ગાયન ૩૩ મું.

સંગીત મધુર આ ક્યાંથી સંભળાય,
વિકસી શ્રવણ ચક્ષુ પ્રેરાય. સંગીત.
કંઠ કોકીલા શમ કરે ટહુકાર,
લાગે શ્રવણને અતિ પ્રિયકાર, રેલે આનંદ રસ હૃદય માંય; સંગીત.
મીઠી મોહનની વાગે વાંસલડી, સુણી વ્રજનારી ઘેલી બની,
મધ્યરાત્રે મધુવન જઈ મળી, તેમ મુજ મન આકૃર્ષાય. સંગીત.

ભદ્રકાળી— ગાયન ૩૪ મું. ગઝલ.

ધર્મના ધામ જેવું શ્રેષ્ઠ અન્ય સ્થાન નહીં;
વાયુ નહીં વન્હિ નહીં મેઘનું તોફાન નહિ. ધર્મના.
વિશ્વના ચક્રમાં હું ધૈર્યથી દીન રાત ફરૂં,
સ્નેહ નહીં દ્વેષ નહીં, ભીતિનું કૈ ભાન નહિ. ધર્મના.
ધર્મનો છે દુર્ગ જ્યાં ત્યાં, કામ રીપુથી કેમ ડરૂં,
આશા નહિ પાશ નહીં. મોહ નહીં, માન નહી. ધર્મના.
રહું હું લીન ભજને, ઇશના નિષ્કામ થઇને;
માયામાં લેશ પણ મારૂં હવે તો ધ્યાન નહિ. ધર્મના.

ગાયન ૩૫ મું.

ભદ્રકાળી તથા જયસિંહ—

ધન્ય ધન્ય દેવી તુજ પ્રતાપ, પામું હું પાપનો પશ્ચાતાપ
કર સતિ હવે તું માફ. ધન્ય.
મદનરીપુ વશ વરતી મેં કીધો ઘોર અત્યાચાર,
સતી તુંને સંતાપી ઝાઝી, ધીક ધીક મુજ અવતાર;
વૃથા ધર્યું શીરે પાપ. ધન્ય.

જન હવે કરો શું સંતાપ, ભરો ન નયને નીર,
પાપ અમાપની અર્પે માફી, સાચો સ્વામી યદુવીર;
જપો કૃષ્ણ મંત્ર મુખ જાપ, કર સતી હવે તું માફ. ધન્ય.

દ્રકાળી— **ગાયન ૩૬ મું.**

(રાગ માલકોશ.)

દશા ખરે છો તું દોરંગી, પલમાં કરે તું ભંગીરંગી,
અજબ ત્હારી માયા, સકળ વિશ્વે છવાઇ,
લક્ષપતીને તુંજ પ્રતાપ, ન આપે કોઇ પાઇ. ખરે છો.
નગ્ર જે જન સમુહથી ગંભીર પ્રકારે ગાજતું,
તે આજે સૂન્યવૃત થઈ, સમશાન વૃત લાગતું,
પડી ધડ શીશ કંઈ રણ ભૂમીમાં વીર નરનાર વડે
કંઇ જનોનાં બાળ બીચારા નીરાધાર થઇ અડબડે,
ખરે છો તું દોરંગી, પલમાં કરે તું ભંગીરંગી.
જય જય ભદ્રકાળીનો જય.
જય જય આર્યબાળાનો જય.

——×——

ગાયન ૩૭ મું.

અપ્સરા તથા દેવમંડળ—

જય જય દેવી જય ભદ્રકાળી,
નમીએ ચર્ણ શર્ણ દીનદયાળી;
તાપ હરણી, સુખકરણી, દેવી ભગવતી
બીરદાળી તું મહેશ્વરી. જય દેવી.

(સારીગમ.)

જાહેર ખબર.

હવે પછી હમારી તરફથી બહાર પડનારાં પુસ્તકોની

(૧) સંગીતનો સાથી, હારમોન્યમ શીખનારને ઘણોજ ઉપયો

(૨) સત્યજ્ઞાન ચંદ્રીકા.

(૩) સોલસતિ આર્યબાળાઓને ઉત્તમ શિક્ષણ આપનારૂં
અમૂલ્ય પુસ્તક.

નાટકો.

(૧) શ્રી વામન ચરિત્ર. (૨) વિશ્વામિત્ર ચરિત્ર.

(૩) બાલામંજી. (૪) ભક્તિપ્રભાવ (ભાગ ૧ લો.

(૫) ગજરામારૂ. (૬) સાત અહલ્યા.

(૭) સતિ નર્મદા. (૮) સતિ દમયંતી.

(૯) ભક્તરાજ રૌહીદાસ ચમાર. (૧૦) ભક્તરાજ દામાજી

(૧૧) વિશ્વમોહિની. (૧૨) બહાદુર બ્હારવટીઓ.

આ ચોપડી મળવાનાં ઠેકાણાં.

સુરત.

(૧) પટેલ જેકીશનદાસ ત્રીભોવનદાસ, સલાબતપુરા, સત્યનારાયણના
મંદિર સામે.

(૨) ખત્રી મુલચંદદાસ નગીનદાસ, સલાબતપુરા ખાંગડશેરી.

(૩) બુકસેલર ત્રીભોવનદાસ લલ્લુભાઇ લીંમડા ચોક.

(૪) ગાંચી નાથુભાઈ પરભુદાસ ઠે. મોટી ઘડીઆળ આગળ.

અમદાવાદ.

(૧) ગાંચી મફતલાલ નાથાલાલ ઠે. કાળુપુર મામુનાયેકની પોળ આગળ.

(૨) બુકસેલર મગનલા મનસુખરામ ઠે. કાળુપુર મામુનાયેકની પોળ

(૩) જાહેરાત એજન્સી ઓફીસ કે. સી. શાહ તથા ટી. પી. ઠક્કર
પાસેથી ઠે. માંડવીની પોળ.